**માનનીય અધ્યક્ષશ્રી,**

આજે રાજ્યના ઉર્જાવાન નાણાં મંત્રી આદરણીય શ્રી કનુભાઇ નાણાં અને ઉર્જા વિભાગની માંગણીઓ લઇને આવ્યા છે. તેના ઉપર મારા વિચારો રજુ કરૂં છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી ચાણક્ય એ કહ્યું છે કે, કોઈપણ રાજ્યના સુશાસન માટે નાણાંની સુયોગ્યતા એ પાયાનો સિધ્ધાંત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી છે ત્યારથી નાણાંનું સુયોગ્ય આયોજન થાય તે બાબતે અમારી સરકારે સતત ચિંતા કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારે GST ની વાત કરવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજ્યને થયેલ આવક અને વેપારીઓને આપવામાં આવેલ છુટછાટની વાત કરૂં તો રાજ્યમા GST ના સુચારૂ અમલીકરણના લીધે આવકમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

GST ની અમલવારી થઇ એટલે કે વર્ષ ૨૦૧૭-૧૮માં GST તેમજ વેટ હેઠળ રાજ્યવેરાની આવક અંદાજે રૂા. ૪૯,૦૦૦ (ઓગણ પચાસ હજાર) કરોડ હતી. જેમાં માત્ર પંચ વર્ષમાં બમણો વધારો થયો અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂા. ૧,૦૪,૦૦૦ કરોડ (એક લાખ ચાર હજાર કરોડ) થી પણ વધારે આવક થઇ છે એટલે કે, આવકની દ્રષ્ટીએ ઐતિહાસિક સિધ્ધી હાંસલ કરી છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં GST હેઠળની આવકનો ગ્રોથ ૧૬ ટકા રહ્યો છે. એ રાજ્ય સરકારના અસરકારક વહીવટનું ઉત્તમ ઉદાહરણ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વેરો વસુલ કરવો એ જ આપણી જવાબદારી નથી. પણ વેટ, સેસ, વ્યવસાય વેરો અને વીજ કર કાયદા હેઠળ ઘણી રાહતો પણ આપવામાં આવી છે.

દાખલા તરીકે તા. ૦૧-૧૦-૨૦૨૩થી વિવિધ અપ્રત્યક્ષ કર કાયદાઓ જેવા કે, વેટ, સેસ, વ્યવસાય વેરો અને વીજકર અંતર્ગત વાર્ષિક દર ૧૮ ટકા હતો. જે ઘટાડીને ૧૨ ટકા કરવામાં આવેલ છે. જેનાથી વેપારી વર્ગને ખુબ મોટી રાહત થઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ઉઘરાવવામાં આવતો વેરા નો દર અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો જ ઓછો છે. પેટ્રોલ અને ડીઝલમાં તા. ૦૪-૧૧-૨૦૨૧ના રોજ વેટમાં ખુબ મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. જેના લીધે ૮૦૦૦ કરોડનો વેરો જતો કરી પ્રજાને સીધો ફાયદો આપવામાં આવ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વ્હીકલમાં ફ્યુઅલ એટલે કે ઇંધણ તરીકે વપરાતા CNG ઉપર તા. ૧૮-૧૦-૨૦૨૨થી વેટનો દર ઘટાડી ૧૫ ટકાથી ઘટાડી ૫ ટકા કરેલ છે. જેનો સીધો લાભ CNG વાહનધારકોને મળી રહ્યો છે.

રાજ્યમાં ઘરઘથ્થુ વપરાતા PNG ગેસ ઉપર તા. ૦૫-૧૦-૨૦૨૩ના રોજ ૧૫ ટકામાં ઘટાડો કરી ૫ ટકા કરેલ છે. જેનો સીધો લાભ ગૃહિણીઓને થઇ રહ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- GST કાયદા હેઠળ આપવામાં આવતી રાહતોની વાત કરૂં તો સ્થાનિકકક્ષાએ રોજગારીમાં ઉપયોગમાં લેવાતી ઈમીટિશન ઝરી થ્રેડ તેમજ મેટલાઇઝ્ડ યાર્ન જેવી ચીજવસ્તુઓ ઉપર વેરાના દરમાં ઘટાડો કરી ૧૮ ટકામાંથી ૫ ટકા કરેલ છે.
- એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ એક્ઝામ લેતી કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત કોઈપણ સંસ્થા અને નેશનલ ટેસ્ટીંગ એજન્સીને વેરામાંથી મુક્તિ આપી વિદ્યાર્થી ઉપર વેરાનું ભારણ દુર કર્યું છે.
- નાના ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ફ્રાયમ્સ માટેના કાચા માલ ઉપર વેરાનો દર ૧૮ ટકાને બદલે ૫ ટકા કરેલ છે.
- સુગર મિલમાંથી બાયોપ્રોડકટ તરીકે નિકળતા મોલેસીસ ના સપ્લાય પર ૨૮% ને બદલે ૫% વેરો કરવામાં આવેલ છે. જેને પગલે ગ્રીન ઈકોનોમીને પ્રોત્સાહન આપવા સારૂ બાયોઈથેનોલ સસ્તુ થશે.
- તમામ પ્રકારનાં સપ્લાયર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેટેલાઇટ લોંચ સર્વિસીસ ને વેરામાફીનો લાભ આપવામાં આવેલ છે, જે અગાઉ ફક્ત ઈસરો, એન્ટ્રીક્સ કોર્પોરેશન લીમીટેડ અને ન્યુ સ્પેસ ઈન્ડિયા લીમીટેડ ને જ મળવાપાત્ર હતો. આ પગલાને લીધે "મેક ઇન ઇન્ડીયા" ને પ્રોત્સાહન મળશે.
- પૌષ્ટીક આહારને પ્રોત્સાહન આપવા માટે પ્રિ પેક્ડ એન્ડ લેબલ્ડ ન હોય તેવાં ૭૦% થી વધુ જાડા ધાનના લોટમાંથી બનાવેલ ખાદ્ય વસ્તુ પર વેરામુક્તિ આપવામાં આવેલ છે.

- **માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગમાં નવા સબ સ્ટેશનની વાત કરીએ તો.....**
    - ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ફક્ત **૪૨ સબસ્ટેશનો** અસ્તિત્વમાં હતા.
    - વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં એટલેકે ૪૨ વર્ષમાં ૭૦૪ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – ૧૭)
    - વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ સુધીમાં એટલેકે ૨૧ વર્ષમાં ૧૬૧૨ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – ૭૭)
    - **એટલેકે ૪૨ વર્ષની વાર્ષિક સરેરાશ કરતાં ૨૧ વર્ષની વાર્ષિક સરેરાશ ૪.૫ ગણાથી પણ વધુ.**
    - **છેલ્લા ૧૦ વર્ષથી રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૯૬ નવાં સબસ્ટેશનો બનાવવામાં આવે છે.**

| વર્ષ | સબ–સ્ટેશનો |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૨૦ |
| ૨૦૧૪–૧૫ | ૧૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૯૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૧ |
| ૨૦૧૮-૧૯ | ૯૯ |
| ૨૦૧૯–૨૦ | ૫૫ |
| ૨૦૨૦–૨૧ | ૧૫૩ |
| ૨૦૨૧–૨૨ | ૭૦ |
| ૨૦૨૨–૨૩ | ૬૭ |
| ૨૦૨૩–૨૪ | ૮ |
| **કુલ** | **૯૭૪** |

- **અગાઉ કોંગ્રેસ સરકારના શાસનમાં વર્ષે માત્ર ૧૫ થી ૨૦ જ સબ સ્ટેશનો બનતા હતા.**
- **છેલ્લા ૧૦ વર્ષમાં વર્ષે સરેરાશ ૯૬ થી વધારે નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૦–૨૧માં ૧૫૩ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૧–૨૨માં ૭૦ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૨–૨૩માં ૬૭ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૩–૨૪માં ૯૫ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક છે.**
- **૨૦૨૪–૨૫માં ૯૫ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક છે.**

## આદિવાસી વિસ્તારમાં નવાં સબ સ્ટેશનની  વાત કરીએ તો.....

- ગુજરાત રાજ્યની સ્થાપના સમયે આદિવાસી વિસ્તારમાં ફક્ત **૧ સબસ્ટેશન** અસ્તિત્વમાં હતું.
- વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં એટલેકે ૪૨ વર્ષમાં ૭૬ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – ૨)
- વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ સુધીમાં એટલેકે ૨૧ વર્ષમાં ૨૯૨ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – ૧૪)
- **એટલેકે ૪૨ વર્ષની વાર્ષિક સરેરાશ કરતાં ૨૧ વર્ષની વાર્ષિક સરેરાશ ૭ ગણી.**
- **છેલ્લા ૧૨ વર્ષથી રાજ્યમાં** આદિવાસી વિસ્તારમાં **દર વર્ષે સરેરાશ ૧૯ નવાં સબસ્ટેશનો બનાવવામાં આવે છે.**

| **વર્ષ** | **સબ–સ્ટેશનો** |
|---|---|
| **૨૦૧૧–૧૨** | **૧૧** |
| **૨૦૧૨–૧૩** | **૧૦** |
| **૨૦૧૩–૧૪** | **૧૧** |
| **૨૦૧૪–૧૫** | **૨૫** |
| **૨૦૧૫–૧૬** | **૨૧** |
| **૨૦૧૬-૧૭** | **૨૧** |
| **૨૦૧૭-૧૮** | **૧૧** |
| **૨૦૧૮-૧૯** | **૨૧** |
| **૨૦૧૯–૨૦** | **૨૨** |
| **૨૦૨૦–૨૧** | **૪૭** |
| **૨૦૨૧–૨૨** | **૯** |
| **૨૦૨૨–૨૩** | **૧૬** |
| **૨૦૨૩–૨૪** | **૦** |
| **કુલ** | **૨૨૫** |

- **અગાઉ કોંગ્રેસ સરકારના શાસનમાં આદિવાસી વિસ્તારમાં વર્ષે સરેરાશ માત્ર ૨ જ સબ સ્ટેશનો બનતા હતા.**
- **છેલ્લા ૧૨ વર્ષમાં આદિવાસી વિસ્તારમાં વર્ષે સરેરાશ ૧૯ જેટલા નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે**
- **૨૦૨૦–૨૧માં આદિવાસી વિસ્તારમાં ૪૭ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે .**
- **૨૦૨૧–૨૨માં આદિવાસી વિસ્તારમાં ૦૯ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે .**
- **૨૦૨૨–૨૩માં આદિવાસી વિસ્તારમાં ૧૬ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે .**
- **૨૦૨૩–૨૪માં  ૧૮ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક  છે.**
- **૨૦૨૪–૨૫માં ૧૮ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક  છે.**

## ➢ દરિયાકાંઠા વિસ્તારમાં નવાં સબ સ્ટેશનની વાત કરીએ તો.....

- ગુજરાત રાજ્યની સ્થાપના સમયે દરિયાકાંઠા વિસ્તારમાં ફક્ત **3 સબસ્ટેશન** અસ્તિત્વમાં હતા.
- વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં એટલેકે ૪૨ વર્ષમાં ૧૨૧ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – 3)
- વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ સુધીમાં એટલેકે ૨૧ વર્ષમાં ૨૬૫ નવા સબસ્ટેશનો (વાર્ષિક સરેરાશ – ૧૩)
- **એટલેકે ૪૨ વર્ષની વાર્ષિક સરેરાશ કરતાં ૨૧ વર્ષની વાર્ષિક સરેરાશ ૪ ગણીથી પણ વધુ.**

| **વર્ષ** | **સબ–સ્ટેશનો** |
|---|---|
| **૨૦૧૧–૧૨** | **૧૪** |
| **૨૦૧૨–૧૩** | **૧૯** |
| **૨૦૧૩–૧૪** | **૧૩** |
| **૨૦૧૪–૧૫** | **૧૭** |
| **૨૦૧૫–૧૬** | **૧૩** |
| **૨૦૧૬-૧૭** | **૧૬** |
| **૨૦૧૭-૧૮** | **૨૦** |
| **૨૦૧૮-૧૯** | **૧૪** |
| **૨૦૧૯–૨૦** | **૭** |
| **૨૦૨૦–૨૧** | **૨૮** |
| **૨૦૨૧–૨૨** | **૧૫** |
| **૨૦૨૨–૨૩** | **૧૦** |
| **૨૦૨૩–૨૪ (ડિસે.૨૩)** | **૨** |
| **કુલ** | **૧૮૮** |

- **અગાઉ કોંગ્રેસ સરકારના શાસનમાં દરિયાકાંઠા વિસ્તારમાં વર્ષે સરેરાશ માત્ર 3 જ સબ સ્ટેશનો બનતા હતા.**
- **છેલ્લા ૧૨ વર્ષમાં દરિયાકાંઠા વિસ્તારમાં વર્ષે સરેરાશ ૧૬ જેટલા નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૦–૨૧માં દરિયાકાંઠા વિસ્તારમાં ૨૮ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૧–૨૨માં દરિયાકાંઠા વિસ્તારમાં ૧૫ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૨–૨૩માં દરિયાકાંઠા વિસ્તારમાં ૧૦ નવાં સબ સ્ટેશનો બનાવવામાં આવેલ છે.**
- **૨૦૨૩–૨૪માં ૧૮ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક છે.**
- **૨૦૨૪–૨૫માં ૧૯ નવાં સબ સ્ટેશનો બનાવવાનો લક્ષ્યાંક છે.**

## વિજ ઉત્પાદનમાં અગ્રેસર ગુજરાત

- ગુજરાત વીજ ઉત્પાદન ક્ષેત્રે સ્વનિર્ભર રાજ્ય બનેલ છે
- એટલુ જ નહીં ઉર્જા સરપ્લસ રાજ્ય બનેલ છે
- છેલ્લા દાયકામાં ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતામાં ઘણો વધારો થયેલ છે
  - વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ (૪૨ વર્ષ દરમિયાન) રાજ્યની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા **૮,૭૫૬** મેગાવોટ
  - વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ (૨૧ વર્ષ દરમિયાન) રાજ્યની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો **૩૯,૯૩૬ મેગાવોટ**
  - હાલમાં રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા **૪૮,૬૯૨ મેગાવોટ**
  - માત્ર ૨૧ વર્ષમાં **૬** ગણાથી વધુ જેટલો વધારો
  - સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે.

## * સૌર અને પવન ઉર્જામાં અગ્રેસર ગુજરાત

- સૌર ઉર્જા
  - અગાઉ સૌર ઉર્જા માટે કોઈ નીતિ ન હતી
  - આ સરકારે વર્ષ ૨૦૦૯માં દેશમાં પહેલી વાર સૌર ઉર્જા નીતિ જાહેર કરેલ તથા વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૧માં સંશોધિત સૌર ઉર્જા નીતિ જાહેર કરેલ છે.
  - વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ (૪૨ વર્ષ દરમિયાન) રાજ્યની સૌર ઉર્જાની વીજ ઉત્પાદન શુન્ય મેગાવોટ
  - વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ (૨૧ વર્ષ દરમિયાન) રાજ્યની સૌર ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો ૧૦,૫૪૯ મેગાવોટ
  - સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા બાબતે રાજ્ય દેશમાં દ્વિતીય ક્રમાંકે છે.
  - કડી તાલુકાના ચંદ્રાસણ ખાતે કેનાલ હેડ સોલાર પ્રોજેક્ટ દ્વારા ૧ મેગાવોટનું સૌર ઉર્જા ઉત્પાદન કાર્યાન્વિત કરવામાં આવેલ છે.
  - વડોદરા જિલ્લાની નર્મદા નહેર પર ૩૫ મેગાવોટ કેનાલ હેડ સોલાર પ્રોજેક્ટ દ્વારા સૌર ઉર્જા ઉત્પાદન કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

## ➢ **પવન ઉર્જા**

- અગાઉ પવન ઊર્જા માટે કોઈ નીતિ ન હતી .
- આ સરકારે વર્ષ ૨૦૦૯માં પવન ઊર્જા નીતિ જાહેર કરેલ તથા વર્ષ ૨૦૧૬માં સંશોધિત નવી પવન ઊર્જા નીતિ જાહેર કરેલ .તદુપરાંત ૨૦૧૮માં વિન્ડ સોલાર પોલિસી સંશોધિત નીતિ જાહેર કરેલ.
- વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ (૪૨ વર્ષ દરમિયાન) રાજ્યની પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા **૯૯ મેગાવોટ**
- વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ (૨૧ વર્ષ દરમિયાન) રાજ્યની પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતામાં **૧૧,૧૨૪ મેગાવોટ**
- **પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા બાબતે રાજ્ય દેશમાં પ્રથમ ક્રમાંકે છે.**

## ➢ **સોલર પાર્કનું નિર્માણ**

- બિન-પરંપરાગત ઊર્જા ક્ષેત્રના વિકાસમાં ગુજરાત રાજ્ય અગ્રણી રહ્યું છે.
- એશિયા ના સૌપ્રથમ ૭૦૦+ મેગાવોટના ચારણકા સોલાર પાર્કનું નિર્માણ ૨૦૧૧માં થયેલ.જેના અનુસંધાને ૭૩૦ મેગાવોટ સૌર ઊર્જા આધારિત વીજ ઉત્પાદન હાલ ચાલુ થઈ ગયેલ છે .
- ત્યાર બાદ વધુ બે સોલાર પાર્ક....
  - ✓ ૧૦૦૦ મે.વો. ધોલેરા સોલાર પાર્કનું તથા
  - ✓ ૭૦૦ મે.વો. રાધાનેસડા સોલાર પાર્ક નિર્માણ હાલ ચાલુ છે

❖ધોલેરા સોલાર પાર્ક **(ફેઝ -૧, ૧૦૦૦ મે.વો)**

- ✓ ગુજરાત સરકાર દ્ધારા અમદાવાદ જીલ્લાના ધોલેરા તાલુકામાં ધોલેરા (SIR) ખાતે અલ્ટ્રામેગા સોલાર પાર્ક સ્થાપવા માટે મંજુરી આપવામાં આવેલ,
- ✓ ગુજરાત સરકાર દ્ધારા ધોલેરા (SIR) ખાતે પ્રાથમિક તબક્કે ૧૦,૦૦ મે.વો. સોલાર પાર્ક (ફેઝ-૧) કરવાની પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવી છે. જે પૈકી હાલ ૩૦૦ મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન ચાલુ છે.

## ❖૭૦૦ મે.વો. રાધાનેસડા સોલાર પાર્ક

✓ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકામાં રાધાનેસડા ગામ ખાતે ૧૪૦૭ હેક્ટર જેટલી પડતર જમીનમાં ૭૦૦+ મે.વો. અલ્ટ્રામેગા સોલાર પાવર પ્રોજેક્ટ શરૂ કરવાની મંજુરી મળેલ છે.

✓જે પૈકી હાલ ૬૦૦ મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન ચાલુ છે.

## ➢ **સોલાર–વિન્ડ હાઈબ્રીડ પાર્ક:**

✓તા. ૧૫.૧૨.૨૦૨૦ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કચ્છ જીલ્લાના વીઘાકોટ બીએસએફ પોસ્ટ પાસે વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટનો વિન્ડ સોલાર પાર્કનું ખાત–મુહૂર્ત કરવામાં આવેલ છે, જે આવનાર ૧૦ વર્ષમાં સંપૂર્ણ રીતે કાર્યાન્વિત કરવામાં આવશે.

✓આ વિન્ડ સોલાર પાર્કના કારણે રાજ્યમાં અંદાજે રૂ. ૧,૨૦,૦૦૦ કરોડ ઉપરાંત રોકાણ થવાને કારણે રોજગારના અનેક નવા અવસર ઊભા થશે.

## **રિવેમ્પ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ** – RDSS

- **સમગ્ર દેશના તમામ ગામો અને શહેરોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત થ્રી–ફેઝ ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહે તેમજ વીજ પુરવઠાની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારો થાય તે માટે કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા વિવિધ યોજનાઓ અમલી મૂકવામાં આવેલ છે તે પૈકીની એક યોજના એટલે રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ.**
- **આ યોજના હેઠળ ૬૦% ફાળો કેન્દ્ર સરકાર તરફથી અને બાકીના ૪૦% ફાળાની રકમ રાજ્ય સરકાર દ્વારા મૂડીસહાય સદરે આપવાની જોગવાઈ કરેલ છે.**

- **આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વીજ માળખાનું આધુનિકીકરણ અને સૂદ્રઢિકરણ કરવાનો છે.**

- **કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારતમાં રૂ.૩,૦૩,૭૫૮ કરોડના નાણાંકીય આયોજન સાથે રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ શરૂ કરવામાં આવેલ છે જે પૈકી ગુજરાતમાં રૂ.૨૦,૭૨૬ કરોડના પ્રોજેકટને મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં વીજ માળખાના આધુનિકીકરણ માટે રૂ.૧૦૬૦૨ કરોડ અને વીજ માળખાના સુદ્રઢિકરણ માટે રૂ.૧૦૧૨૪ કરોડ ફાળવવામાં આવેલ છે.**

- **આ યોજના હેઠળ વીજ માળખાના મોનિટરિંગ માટેની SCADA સિસ્ટમ તેમજ વીજ માળખાના સુદ્રઢિકરણ માટેની કામગીરી જેમ કે ખુલ્લા વીજ વાયરને બદલે એરિયલ-બંચ કેબલ તથા કોટેડ વીજ વાયર નાખવા, દરિયાઈ વિસ્તારોમાં અને શહેરી વિસ્તારમાં હયાત ફિડરનું અંડર ગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરણ, ફિડરનું વિભાજન , જૂના / જર્જરિત વીજ વાયરો બદલી નવા વીજ વાયરો નાખવા, નવા ટ્રાન્સફોર્મર લગાવવા તેમજ હયાત ટ્રાન્સફોર્મરની કેપેસીટીમાં વધારો કરવો, વગેરે કામગીરી કરવામાં આવશે.**

## "સૂર્ય ગુજરાત" રેસિડેન્શિયલ રૂફટોપ સોલાર યોજના

- રહેણાંક ક્ષેત્રમાં સોલાર રૂફટોપ ને પ્રોત્સાહનને વેગ મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા તારીખ ૫-૮-૨૦૧૯ના રોજ સૂર્ય ગુજરાત યોજનાની જાહેરાત કરવામાં આવેલ.
- સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત ભારતમાં પ્રથમ નંબરે છે.
  - તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ દેશભરમાં કુલ ૧૦,૬૮૧ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફ-ટોપ સિસ્ટમ સ્થાપિત થયેલ છે. તે પૈકી

ગુજરાતમાં ૩૨૬૫ મેગાવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપિત થયેલ છે. એટલે કે દેશભરમાં સ્થાપિત થયેલ કુલ ક્ષમતાના ૩૦% ક્ષમતા સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ નંબરે છે.

- કુલ ૨૪૭૩ મેગાવોટ સોલર રૂફટોપ સિસ્ટમ પૈકી ૨૦૨૫ મેગાવોટ રહેણાંક ક્ષેત્રે લાગેલ છે. રહેણાંક ક્ષેત્રે ગુજરાત રાજ્યનો દેશભરમાં ફાળો ૮૨% છે.

➢ આ પ્રકારની મોટા પ્રમાણમાં સોલાર રૂફટોપ અરજીની નોધણી ગુજરાત અને ભારતમાં પ્રથમવાર થઇ છે.

➢ રહેણાંક હેતુના ગ્રાહકો પોતાના ઘર પર સૌર ઊર્જા ઊત્પન્ન કરી સ્વ–વપરાશ ઉપરાંતની વધારાની સૌર ઊર્જા ગ્રીડમાં વહેંચી આવક મેળવી રહ્યા છે.

➢ વપરાશ બાદ ગ્રીડમાં મોકલેલ વધારાની વીજળી વીજવિતરણ કંપની દ્વારા રૂ. ૨.૨૫ ના દરે ખરીદવામાં આવે છે.

➢ સોલાર રૂફટોપ ના વિશાળ કામના ઝડપી અમલીકરણ ૬૯૮ એજન્સીઓને શહેરી વિસ્તાર અને ૫૭૮ એજન્સીઓને ગ્રામ્ય વિસ્તાર માટે નિયત કરવામાં આવેલ છે.